**અમદાવાદનાં પાંચમા અધિક જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**

ફો.કેસ નં. ૪૬૯૭૫/૨૦૨૫

આંક–

ફરીયાદી: સરકારશ્રી

વિરુદ્ધ

આરોપી (૧) વિવેક સ/ઓ કનુભાઈ ગઢવી

**ગુનો:– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ...**

**:–ચુકાદો:–:**

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે આ કામનાં આરોપીએ બનાવ સમયે અને સ્થળે કોઈ પણ પ્રકારની પાસ પરમીટ વગર પોતાનાં કબજામાં પતિબંધક મુદામાલ રાખી પકડાઈ જતાં આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ: ૬૬(૧)(બી), ૮૫(૧) અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી કોર્ટ રૂબરુ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે. સદર કામે આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધિત મુદામાલની માત્રા તથા તાજેતરમાં ગુજરાત સરકારશ્રી ધ્વારા જાહેરનામા નં.જીજી./૬૫/૨૦૧૯/ વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ઈ–૧૭, તા.૦૨/૦૭/૨૦૧૯ થી પ્રતિબંધક મુદામાલની ન્યુનતમ માત્રા નકકી કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપી પાસેથી કબજે લીધેલ પ્ર તિબધક મુદામાલની માત્રા ન્યુનતમ માત્ર જણાઈ આવે છે તેમજ પ્લી રેકર્ડ કરતાં આરોપી એ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે .

**(૩)** આરોપીએ સદરહું ગુનાનાં કામે અલાયદા કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર

કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગનાં ઈસમ છે. તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી. જેથી તેઓ પોતાનું તેમજ કુંટુબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતી ખરાબ હોવાનાં કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે. અને હવે પછી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરીશું નહી. તેવું જણાવેલ છે અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલી છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા તથા પ્રવર્તમાન કાનુની પ્રબંધો ધ્યાને લેતા આ કામનાં આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદામાલની માત્રા કે જે સરકારશ્રી ધ્વારા ર્નિધારીત કરવામાં આવેલ ન્યુનતમ માત્રાથી પણ ઓછી માત્રા છે. વધુમાં આરોપી વિરુધ્ધ જે શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતા કલમ ૬૬(૧)(બી), ૮૫(૧)ના દરેક ગુનાની માટેની સજા ૦૩ વર્ષ સુધી લંબાવી શકાય અને તે સાથે દંડ કરી શકાય તે મુજબની છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસનાં સંજોગો અને કબુલાત પુરસીસથી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતાં તથા તેની સાથે સાથે અદાલત સમક્ષ અન્ય પેન્ડીંગ કેસોની સંખ્યા ધ્યાને લેતા સદર ગુનાનાં કામે જો આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલનાં કામનાં ફરીયાદી કે જેઓ સરકારી અમલદાર છે. તેવી જ રીતે સરકારી સાહેદો, પંચો અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંક સમયમાં હાલનાં ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવાની સં ભાવનાં શકય નથી. વધુમાં ધી ગુજરાત પ્રોહીબીશન એકટ અન્વયેનાં કેસોમાં

ભુતકાળમાં સાબીત થયેલ કેસોની સંખ્યા અને સજાનું પ્રમાણ ધ્યાને લેતા તે ઘણું ઓછુ છે. વધુમાં આરોપીનો સમય, ફરીયાદી પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલનાં અંતે આરોપી કસુરવાર કરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે છે. તેનાં બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે. ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે, તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોય તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને જયારે આરોપીનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવમા ંઆવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: આખરી હુકમ ::</u>

આ કામનાં આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ: ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનાં ગુના બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૨૦૦ /- (અંકે બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૩/૧૨/૨૦૨૫ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩-૧૨-૨૦૨૫
સ્થળઃ-અમદાવાદ(ગ્રામ્ય).

**(ઓમદેવસિંહ નિર્મલસિંહ ચુડાસમા)**
**પાંચમાં એડી. જયુડી. મેજી.ફ. ક.,**
**અમદાવાદ(ગ્રામ્ય)**
**U.I.Code No.GJ-01776**